**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૩ એપ્રિલ ૨૦૦૯**

## મઢ, ભાટી, એરંગળ ગામોમાં રામ નાઈકનો ઝંઝાવાતી પ્રચાર

**મુંબઈ,ગુરૂવાર :** માછીમારોને ડિઝલ પર મળાનારી રાહત પેટ્રોલિયમ પ્રધાન રહેતાં વધારી ને ત્રણ રૂપિયા કરી અને હવે તેજ રાહત કોંગ્રેસે રદ્ કરી .આથી સ્વાભાવિક જ મલાડ ખાતેના માચ્છીમાર ગામોમાં શ્રી રામ નાઈક પ્રચાર માટે ગયાં ત્યારે ાતદારોએ ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો હતો.

ઉત્તર મુંબઈ લોકસભા ક્ષેત્રમાં મલાડ ખાતે મઢ, ભાટી, એરંગળ, આકસા, માર્વે એમ મોટેભાગે માચ્છીમાર વસ્તીઓ વાળા ગામો છે.આ બધાં માચ્છીમારોને સમયે - સમયે તેમની મુશ્કેલીઓમાં શ્રી રામ નાઇક સાથ આપતાં આવ્યાં છે.સ્વાભાવિકજ ગઈકાલે ભાજપ - શિવસેના યુતીનાં ઉમેદવાર તરીકે શ્રી રામ નાઈક આ વિભાગમાં આવ્યાં તેવેળાં ગામવાસીઓએ તેમનું જોરદાર સ્વાગત કર્યું હતું. આ ગામનાં નાના - નાના રસ્તાઓ શ્રી રામ નાઈકને જોવા સાંભળવા ગિર્દીથી ઊભરાયાં હતાં.આપ્રસંગે મતદારો સાથે સંવાદ સાધતા શ્રી રામ નાઈકે કહ્યું હતું કે "દેશમાં મત્સ્ય દુકાળ છે એ કોંગ્રેસ સરકારને ખબર નથી આવી પરિસ્થીતીમાં માચ્છીમારોને હજુ રાહત આપવાને બદલે ડિઝલ રાહત ની જે હતી તે રાહત પણ તેમણે પાછી ખેચી લીધી. શ્રી લાલકૃષ્ણ અડવાણી વડાપ્રધાન થાય ત્યારબાદ માચ્છીમારોને આ રાહત વધેલા દરે મળશે તેની ખાત્રી રાખો." આ પ્રસંગે બોલતાં શિવસેના ઉપવિભાગ પ્રમુખ અને માજી નગરસેવક શ્રી અશોક પટેલે પણ મતદારોને બહોળી સંખ્યામાં મતદાન કરી ભાજપ - શિવસેના યુતીની સરકાર ચૂંટી આપવાનું આવાહ્ન કર્યું હતું.

શિવસેના નગરસેવિકા શ્રીમતી રેણુકા દિવે, ભાજપ મુંબઈ નાં ઉપાધ્યક્ષ શ્રી જયપ્રકાશ ઠાકૂર તેમજ યુતીનાં અન્ય સ્થાનિક નેતાઓ સર્વશ્રી અજીત ભંડારી, હેવન મેંડિસ, રાજેશ સિંહ, ભંવરસિંહ વાલિયા, ભારત કોળી ની સાથે સેંકડો કાર્યકર્તા અને મતદારો પ્રચાર યાત્રા માં સામેલ થયાં હતાં.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો. ૯૮૬૭૬૮૯૫૪૦**